# BUSINESS મિત્ર

### નાણાકીય વર્ષ 2020 પછી શેરબજારમાં નવા વર્ષની સૌથી ખરાબ શરૂઆત: નિફ્ટી 23200ની નીચે

# ટ્રમ્પના ટેરિફ પહેલા શેરબજાર લોહીલુહાણ, સેન્સેક્સ 1390 પોઇન્ટ તૂટયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 1:** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ હાઉંની સીધી અસર ભારતીય શેરબજાર ઉપર જોવા મળી હતી. ટ્રમ્પે 2જી એપ્રિલથી અમલ થશે, જેને ટ્રમ્પે લિબરેશન ડે તરીકે જાહેર કર્યો છે, જેમાં જે દેશના જેવા ટેરિફ હશે તેવા પારસ્પરિક ટેરિફની જાહેરાત કરશે, જે વિશ્વના તમામ દેશો માટેના ટેરિફ જાહેર કરશે, જેથી રોકાણકારો ટ્રમ્પ શું જાહેરાત કરે છે તેની ઉપર નજર નાંખીને બેઠા છે.

આજે આઈટી, રિયલ્ટી અને બેન્કીગ શેરોમાં ભારે વેચવાલીનું દબાણ રહ્યુ હતું. ખાસ કરીને હેવીવેઈટ શેરોમાં ભારે કડાકાની અસર શેરબજારમાં જોવા મળી હતી, જેના લીધે સેન્સેક્સ 1400 પોઈન્ટ જેટલો તુટયો હતો, જ્યારે નિફ્ટી 23200 પોઈન્ટની નીચે સરકી ગઈ હતી. બીજી તરફ, રશિયા અને ઈરાનની સામે અમેરિકાની કાર્યવાહીની ચીમકીના લીધે ક્રુડ ઓઈલના ભાવોમાં તેજી જોવા મળી હતી. આજે ક્રુડના ભાવો પાંચ મહિનાની ઉંચાઈએ પહોંચી ગયા હતા. આમ, પાછલા આઠ સેશનમાં તેજી રોકાણકારોની જોરદાર નફાવસુલી રહી હતી. જેથી શેરબજારમાં જોરદાર ઘટાડો નોંધાયો છે. આમ, 2020ના નાણાકીય વર્ષ બાદના વર્ષોમાં સૌથી ખરાબ શરૂઆત આજે જોવા મળી હતી. નિફ્ટીમાં 23000 પોઈન્ટનો મજબૂત સપોર્ટ છે, જો આ લેવલ બ્રેક કરીને બંધ રહેશે તો આવનારા દિવસોમાં ફરી એકવાર મંદીવાળાઓનું જોર વધશે અને શેરબજારમાં મંદી આવી શકે છે.

જોકે, આજે ટોપ ગેઈનર્સમાં ઈન્ડસઈન્ડ બેન્ક રહ્યો હતો, જે 5 ટકાથી વધુ ઉછળ્યો હતો. આ ઉપરાંત, વોડાફોન આઈડિયામાં સરકારના દેવાને ઈક્વિટી રૂપે ચુકવણી કરવાની જાહેરાત બાદ આ શેરમાં રોકાણકારોનું આકર્ષણ વધ્યું હતું. આજે ખુલતાની સાથે જ 10 ટકાની અપર સર્કિટ લાગી હતી, બાદમાં 20 ટકા સુધી ઉછળ્યો હતો. જોકે, આઈટી સેકટર ટીસીએસ, ઈન્ફોસીસ, એચસીએલ ટેકનો સહિતના તમામ આઈટી શેરો અને પ્રાઈવેટ બેન્કોમાં એચડીએફસી બેન્કમાં મોટું ધોવાણ થયું હતું. જેની અસર શેરબજારમાં જોવા મળી હતી. રિયલ્ટી શેરોમાં પણ નરમાઈ જોવા મળી હતી.

બીએસઈ સેન્સેક્સ 1390.41 પોઈન્ટ એટલે કે 1.8 ટકા ઘટીને 76024.51 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77000ની સપાટી કુદાવીને 77487 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76000 પોઈન્ટની સપાટી તોડીને 75912 પોઈન્ટ સુધી ઘટયા હતા. નિફ્ટી 353.65 પોઈન્ટ એટલે કે 1.5 ટકા ઘટેન 23165.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 23200 પોઈન્ટની સપાટી તોડી હતી. ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23565 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23136 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 737.35 પોઈન્ટ એટલે કે 1.43 ટકા ઘટીને 51000 પોઈન્ટની સપાટી તોડીને 50827.50 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે પંજાબ એન્ડ સિંધ બેન્કમાં 5.32 ગણા, દિલ્હીવેરીમાં 4.52 ગણા, ઈન્ડસ ટાવરમાં 3.58 ગણા, હટસન એગ્રોમાં 3.36 ગણા, એચબીએલ એન્જિનીયરીંગમાં 2.77 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એચબીએલ એન્જિનીયરીંગમાં 6.42 ગણા, યુકો બેન્ક 5.31 ગણા, ટાટા ટેલી મહારાષ્ટ્ર 5.1 ગણા, ઈન્ડસ ટાવરમાં 3.48 ગણા, અને વોડાફોન આઈડિયામાં 3.05 ગણા કામકાજ નોંધાયા છે.

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | -1390.41 | 78024.51 |
| **નિફ્ટી** | -353.65 | 23165.70 |
| **બેન્ક નિફ્ટી** | -737.35 | 50827.50 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 5.06 | 682.70 |
| ટ્રેન્ટ | 4.72 | 5576.75 |
| બજાજ ઓટો | 1.45 | 7993.05 |
| જિયો ફાઇનાન્સીયલ | 1.28 | 230.42 |
| હીરો મોટોકોર્પ | 1.05 | 3762.05 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 3.90 | 1530.35 |
| બજાજ ફિનસર્વ | 3.50 | 1937.10 |
| એચડીએફસી બેન્ક | 3.30 | 1767.85 |
| બીઇએલ | 3.09 | 292.00 |
| શ્રીરામ ફાઇનાન્સ | 2.83 | 637.45 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 5.11 | 682.75 |
| ઝોમેટો | 0.27 | 202.05 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 3.87 | 1529.45 |
| બજાજ ફિનસર્વ | 3.46 | 1936.50 |
| એચડીએફસી બેન્ક | 3.35 | 1767.30 |
| બજાજ ફાઇનાન્સ | 2.81 | 8696.90 |
| ઇન્ફોસીસ | 2.73 | 1527.50 |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૪૦૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**યાર્ન બજાર સુરત** — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

(GST સાથેના ભાવ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૯૪૦૦૦ |
| તેજાબી સોનું | ૯૩૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૮૯૩૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૯૨૧૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૯૪૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૦૨૫૦૦ |
| ચાંદી સિક્કા | ૧૦૪૦૦૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૯૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૦૦ | વનસ્પતિ ઘી | ૨૫૪૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૩૨૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૪૮૦ | તલતેલ | ૫૫૦૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૨૮૦ | દિવેલ | ૨૪૦૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૮૪૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૮૦ | | |

# ટ્રમ્પના ટેરિફથી ભારતીય સેકટરના દારૂ, માંસ, ખાંડને સૌથી વધુ ફટકો પડશે

**ભારતની** કુલ ચીજવસ્તુઓની નિકાસમાં અમેરિકાનો લગભગ 18 ટકા હિસ્સો

**નવી દિલ્હી, તા. 1:** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પારસ્પરિક ટેરિફ લાદવાની 2 એપ્રિલની સમયમર્યાદા નજીક આવી રહી છે, ત્યારે વોશિંગ્ટન ભારત સાથે નવા વેપાર કરારની વાટાઘાટો તરફ આગળ વધી રહ્યું છે ત્યારે હિસ્સેદારો તેમના અમલીકરણ અંગે અંધારામાં છે. અમેરિકા જે જંગી વેપાર ખાધનો સામનો કરી રહ્યું છે તેને દૂર કરવા માટે પારસ્પરિક ટેરિફ ભારતીય ઉદ્યોગોને કેવી રીતે અસર કરશે તેનો આધાર ઉત્પાદનના સ્તરે, ક્ષેત્ર સ્તરે અથવા દેશના સ્તરે તેનો અમલ થાય છે કે કેમ તેના પર રહેશે. નોંધનીય છે કે 2021-22થી 2023-24 સુધી અમેરિકા ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર રહ્યું હતું. ભારતની કુલ ચીજવસ્તુઓની નિકાસમાં અમેરિકાનો હિસ્સો લગભગ 18 ટકા, આયાતમાં 6.22 ટકા અને દ્વિપક્ષીય વેપારમાં 10.73 ટકા છે. યુએસમાં ભારતની નિકાસ 30 ક્ષેત્રોમાં ફેલાયેલી છે, જેમાંથી છ કૃષિ ક્ષેત્રમાં અને 24 ઉદ્યોગોમાં છે. જો ક્ષેત્ર-સ્તરના ટેરિફનો અમલ કરવામાં આવે તો આ સેકટરની ઉપર અસર પડી શકે છે. જેમાં આલ્કોહોલ, વાઈન અને સ્પિરિટ્સમાં સૌથી વધુ 122.10 ટકાનો ટેરિફ વધારો અમલમાં આવશે, જોકે નિકાસ માત્ર 19.20 મિલિયન ડોલર છે. જ્યારે ડેરી પ્રોડક્ટ્સ 38.23 ટકાના ટેરિફ ડિફરન્શિયલને કારણે 181.49 મિલિયન ડોલરના વેપારને ગંભીર અસર થશે, જેનાથી ઘી, બટર અને દૂધનો પાવડર મોંઘો થશે, જેનાથી તેમનો બજાર હિસ્સો ઘટશે.

# માધવી બુચ સામેની એફઆઈઆરના આદેશ પર મુંબઇ હાઇકોર્ટે સ્ટે લંબાવ્યો

**મુંબઈ, તા. 1:** બોમ્બે હાઈકોર્ટે આજે એક વિશેષ અદાલતના આદેશ પર વચગાળાનો સ્ટે લંબાવ્યો હતો, જેમાં કથિત શેરબજારની છેતરપિંડી અને નિયમનકારી ઉલ્લંઘનને લઈને સેબીના પૂર્વ અધ્યક્ષ માધવી પુરી બુચ અને અન્ય પાંચ અધિકારીઓ વિરૂદ્ધ એફઆઈઆર નોંધવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. હાઈકોર્ટે શરૂઆતમાં ગયા મહિને વચગાળાનો સ્ટે આપ્યો હતો, જેમાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે વિશેષ અદાલતનો આદેશ આરોપીને કોઈ ચોક્કસ ભૂમિકા સોંપ્યા વિના યાંત્રિક રીતે પસાર કરવામાં આવ્યો હોવાનું જણાય છે. આજે જસ્ટિસ શિવકુમાર દિગેએ નોંધ્યું હતું કે મૂળ ફરિયાદીએ આ કેસમાં સોગંદનામું દાખલ કર્યું હતું અને બુચ અને અન્ય આરોપીઓને તેની તપાસ માટે સમય આપ્યો હતો. ન્યાયાધીશ ડિગેએ કહ્યું હતું કે, અગાઉ આપવામાં આવેલી વચગાળાની રાહત આગામી આદેશો સુધી ચાલુ રહેશે, આ મામલાની વધુ સુનાવણી માટે 7 મે સુધી મુલતવી રાખવામાં આવી છે.

# ઝોમેટો એઆઇ તરફ વળી, 600 કસ્ટમર સપોર્ટ એસોસિએટ્સને હટાવાયા

**ફુડ** ડિલીવરી વ્યવસાયમાં વૃદ્ધિ ધીમી પડી હોવાથી ખોટ વધી

**નવી દિલ્હી, તા. 1:** ફુડ ડિલીવરી ચેઈન ધરાવતી ઝોમેટો ખોટ ઘટાડવા માટે એઆઇ તરફ વળી રહી છે અને તેના પરિણામે નોકરી પર રાખ્યાના એક વર્ષની અંદર 600 જેટલા કસ્ટમર સપોર્ટ એસોસિએટ્સને હટાવી દીધા છે, આ એવા સમયે આવ્યું છે જ્યારે ફૂડ અને કરિયાણાની ડિલિવરી મેજરમાં તેની કોર ફૂડ ડિલિવરી વર્ટિકલમાં ધીમી વૃદ્ધિ જોવા મળી છે, અને તેની ઝડપી વાણિજ્ય શાખા બ્લિંકિટમાં વધતા નુકસાનમાં વધારો જોવા મળ્યો છે.

ગુરુગ્રામ સ્થિત કંપનીએ એક વર્ષ અગાઉ તેના ઝોમેટો એસોસિએટ એક્સિલરેટર પ્રોગ્રામ (ઝેએપી) હેઠળ 1,500 જેટલા કર્મચારીઓને કસ્ટમર સપોર્ટ રોલમાં રાખ્યા હતા, જે એક વર્ષની અંદર વેચાણ, ઓપરેશન્સ, પ્રોગ્રામ મેનેજમેન્ટ, સપોર્ટ, સપ્લાય ચેઈન અને કેટેગરીની ટીમોમાં ભૂમિકાઓમાં બઢતી મેળવવાની તક પૂરી પાડે છે.

# વ્લાદિમિર પુતિનથી નારાજ ડોનાલ્ડ ટ્રમ્પ હવે રશિયા સામે બદલો લેવાની વાત કરે છે



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આજકાલ વિશ્વના એન્ગ્રી ઓલ્ડ મેનની ભૂમિકા ભજવતાં નજરે પડે છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાને ફરીથી મહાન બનાવવાના એજન્ડા પર કામ કરી રહ્યા છે. જે દેશ તેમાં તેમનો સાથ આપે તેનો નેતા ટ્રમ્પનો મિત્ર બની જાય છે અને જે તેનો વિરોધ કરે અથવા સાથ ન આપે તે નેતા ટ્રમ્પનો દુશ્મન બની જાય છે. ઇરાને અમેરિકા સાથે અણુ કરાર કરવાનો ઇનકાર કર્યો તો બેબાકળા બનેલા ટ્રમ્પે ઇરાન ઉપર એટમબોમ્બ ફેંકવાની ધમકી આપી દીધી. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ ટ્રમ્પની 'હા'માં 'હા'મિલાવવાની 'ના'પાડી તો વ્હાઇટ હાઉસમાં બોલાવીને તેમનું અપમાન કરી નાખ્યું. સમયના જવા સાથે કે દેશના નેતાના વર્તન સાથે મિત્ર કે દુશ્મનની ભૂમિકા પણ બદલાય છે. દાખલા તરીકે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન ડોનાલ્ડ ટ્રમ્પના કહેવાથી યુદ્ધવિરામ માટે તૈયાર થઈ ગયા ત્યારે ટ્રમ્પે તેમને પોતાના મિત્ર ગણાવ્યા હતા, પણ હવે પુતિન શરતો મૂકી રહ્યા છે ત્યારે તેઓ ફરીથી ટ્રમ્પના દુશ્મન બની ગયા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક ઇન્ટરવ્યુમાં કહ્યું છે કે તેઓ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનથી ખૂબ નારાજ છે. જો પુતિન યુદ્ધવિરામ માટે સંમત નહીં થાય તો તેઓ રશિયા પાસેથી તેલ ખરીદનારા દેશો પર ૫૦ ટકા ટેરિફ લાદી શકે છે. ટ્રમ્પે કહ્યું છે કે ''જો રશિયા અને હું યુક્રેનમાં રક્તપાત રોકવા માટે કોઈ સમજૂતી પર ન આવી શકીએ અને મને લાગે છે કે તે રશિયાની ભૂલ છે, તો હું રશિયાથી આવતા તમામ ખનિજ તેલ પર વધારાના ટેરિફ લાદીશ. પુતિને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીની વિશ્વસનીયતા પર હુમલો કર્યો છે.''ગયા અઠવાડિયે જ પુતિને યુક્રેનમાં સંયુક્ત રાષ્ટ્રની દેખરેખ હેઠળ નવી સરકારની શક્યતા સૂચવી હતી, જેથી દેશમાં નવી ચૂંટણીઓ યોજાઈ શકે અને તે પછી શાંતિ કરાર પર વાતચીત શરૂ થઈ શકે. ડોનાલ્ડ ટ્રમ્પનું તાજેતરનું નિવેદન લગભગ એક મહિના પહેલાં અમેરિકાના પ્રેસિડેન્ટ હાઉસમાં બનેલી ઘટનાથી સંપૂર્ણપણે વિપરીત લાગે છે. તે સમયે, ટ્રમ્પ અને અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે ઝેલેન્સ્કી સાથે ઉગ્ર ચર્ચા કરી હતી. આ ચર્ચા પછી બંને નેતાઓ વચ્ચેના સંબંધોમાં મોટી તિરાડ જોવા મળી હતી. યુક્રેનને સમર્થનના સંદર્ભમાં ટ્રમ્પનું તાજેતરનું નિવેદન ઝેલેન્સ્કી માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

આ વાત ટ્રમ્પના રશિયા સાથેના સ્પષ્ટ સમીકરણથી પણ અલગ છે. આ પહેલી વાર છે જ્યારે અમેરિકાએ રશિયાને યુદ્ધવિરામ વાટાઘાટોથી પીછેહઠ કરવા બદલ ગંભીર ચેતવણી આપી છે. આનો અર્થ એ થયો કે અમેરિકાએ આ રાજદ્વારી પગલાં દ્વારા ફરી એક વાર બોલ રશિયાની કોર્ટમાં મૂકી દીધો છે. ટ્રમ્પે ૧૦ મિનિટના ફોન ઇન્ટરવ્યુમાં કહ્યું કે પુતિને ઝેલેન્સ્કીની વિશ્વસનીયતા પર હુમલો કર્યો હોવાથી તેઓ ગુસ્સે અને નારાજ હતા. જો કે, ટ્રમ્પે પોતે ઝેલેન્સ્કીને સરમુખત્યાર કહ્યા હતા અને ચૂંટણી કરાવવાની માંગણી કરી હતી. પુતિન વિશે વાત કરતાં ટ્રમ્પે કહ્યું કે રશિયન રાષ્ટ્રપતિ નું કાર્યાલય તેમના ગુસ્સાથી વાકેફ છે પરંતુ તેમના રશિયન નેતા સાથે ખૂબ સારા સંબંધો છે અને જો પુતિન યોગ્ય કાર્ય કરશે, તો તેમનો ગુસ્સો તરત જ ગાયબ થઈ જશે.

ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો રશિયા યુદ્ધવિરામનું સન્માન નહીં કરે તો તેઓ રશિયાના અર્થતંત્રને નિશાન બનાવશે. જો યુદ્ધવિરામ કરાર નહીં થાય તો એક મહિનાની અંદર રશિયા પર ટેરિફ લાદવામાં આવશે. અમેરિકામાં વેચાતા તેલ અને અન્ય ઉત્પાદનો પર ૨૫% ટેરિફ લાદવામાં આવશે, જે ગૌણ ટેરિફ હશે. ગૌણ ટેરિફ એ એવા દેશો પર પ્રતિબંધો છે જે અન્ય દેશો સાથે વેપાર કરે છે. આ ટેરિફ એવા દેશોથી અમેરિકામાં આવતા માલ પર ૫૦% સુધી હોઈ શકે છે જે હજુ પણ રશિયા પાસેથી તેલ ખરીદે છે. આ પ્રકારના સૌથી મોટા ખરીદદારો ચીન અને ભારત છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેમને લાગે છે કે ઝેલેન્સ્કી અમેરિકા સાથે ખનિજ સોદા પર ફરીથી વાટાઘાટો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઝેલેન્સ્કીએ અગાઉ કહ્યું હતું કે તેઓ ખનિજ કરાર પર હસ્તાક્ષર કરવા તૈયાર છે. આ કરાર પર ફેબ્રુઆરીમાં હસ્તાક્ષર થવાની ધારણા હતી, પરંતુ ફેબ્રુઆરીના અંતમાં વ્હાઇટ હાઉસ ખાતે બંને નેતાઓ વચ્ચે થયેલી બેઠક દરમિયાન ગરમાગરમ ચર્ચા બાદ તે કરાર પાટા પરથી ઊતરી ગયો હતો. આ કરાર દ્વારા અમેરિકા યુક્રેનના લિથિયમ જેવા ખનિજો સસ્તામાં પડાવી લેવા માગે છે. ટ્રમ્પે રવિવારે કહ્યું હતું કે ઝેલેન્સ્કી વધુ સારી સુરક્ષા ગેરંટી મેળવવા માટે કરારમાં ફેરફાર કરવા માંગે છે. તેઓ નાટોના સભ્ય બનવા માંગે છે. જો કે તેઓ ક્યારેય નાટોના સભ્ય બનવાના નહોતા, ઝેલેન્સ્કી આ વાત સમજે છે. જો કે, બાદમાં પત્રકારો સાથે વાત કરતી વખતે ટ્રમ્પનો સ્વર પુતિન પ્રત્યે નરમ હતો. તેમણે કહ્યું કે મને નથી લાગતું કે પુતિન પોતાના શબ્દોથી પાછળ હટશે. અમારા હંમેશા સારા સંબંધો રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ આ સપ્તાહના અંતે પુતિન સાથે વાત કરશે. ટ્રમ્પના ઇન્ટરવ્યુ પછી યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ સોશ્યલ મિડિયા પર લખ્યું કે રશિયા આ યુદ્ધને લંબાવવા માટે બહાનાં શોધી રહ્યું છે. પુતિન એ જ રમત રમી રહ્યા છે, જે તેઓ ૨૦૧૪ થી રમતા હતા, જ્યારે રશિયાએ એકપક્ષીય રીતે ક્રિમિયા પર હુમલો કર્યો હતો. આ દરેક માટે ખતરનાક છે અને શાંતિ ઇચ્છતા બધા વૈશ્વિક ભાગીદારો તરફથી તેનો યોગ્ય પ્રતિભાવ મળવો જોઈએ.

રશિયા કહે છે કે વર્તમાન યુક્રેનિયન સરકાર ગેરકાયદેસર છે, કારણ કે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી તેમનો કાર્યકાળ પૂરો થયા પછી પણ સત્તામાં રહે છે અને તેથી તેઓ કાયદેસર વાટાઘાટ કરવા માટે લાયક નથી. પચાસ લાખથી વધુ યુક્રેનિયન નાગરિકો વિદેશમાં વિસ્થાપિત થઈ ગયાં છે અને લાખો લોકો તેમનાં ઘરોથી દૂર રશિયા સામે લડી રહ્યાં છે, તેથી યુક્રેનમાં કાયદેસર ચૂંટણીઓ યોજવી લગભગ અશક્ય બની ગઈ છે. ફેબ્રુઆરી ૨૦૨૨ માં રશિયાએ તેના પડોશી દેશ યુક્રેન પર સંપૂર્ણ પાયે આક્રમણ શરૂ કર્યું હતું. હાલમાં રશિયા યુક્રેનના લગભગ ૨૦% પ્રદેશ પર નિયંત્રણ રાખે છે. સ્વતંત્ર મિડિયા જૂથો અને સ્વયંસેવકો દ્વારા વિશ્લેષણ કરાયેલી માહિતી અનુસાર યુક્રેનમાં યુદ્ધ ચોથા વર્ષમાં પ્રવેશી રહ્યું છે ત્યારે રશિયન સેના માટે લડતાં એક લાખથી વધુ લોકો માર્યા ગયાં છે. યુક્રેને છેલ્લે ડિસેમ્બર ૨૦૨૪ માં તેના જાનહાનિના આંકડા અપડેટ કર્યા હતા, જ્યારે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ સૈનિકો અને અધિકારીઓમાં ૪૩,૦૦૦ યુક્રેનિયનોના મૃત્યુનો સ્વીકાર કર્યો હતો.

તાજેતરનાં અઠવાડિયામાં ડોનાલ્ડ ટ્રમ્પ અને પુતિને ફોન પર વાત કરી હતી અને સાથે મળીને કામ કરવાનો પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રપતિ પુતિને અમેરિકાને દુર્લભ ખનિજો અને એલ્યુમિનિયમ ઉત્પાદન સંબંધિત આકર્ષક સંયુક્ત પ્રોજેક્ટોની લાલચ આપી છે. યુક્રેન સાથે અમેરિકાના સંબંધોમાં તિરાડ યુક્રેન માટે ગંભીર અસરો પાડશે, પરંતુ તે રશિયા માટે સકારાત્મક સાબિત થશે. જો અમેરિકા યુક્રેનને તેનાં શસ્ત્રો પૂરાં પાડવાનું બંધ કરી દે તો યુક્રેન માટે રશિયન સેનાના હુમલાથી પોતાને બચાવવા મુશ્કેલ બની જશે. યુક્રેનને યુરોપિયન નેતાઓનો મજબૂત ટેકો છે, જેમણે તેની સાથે એકતા દર્શાવવાનું વચન આપ્યું છે, પરંતુ તેમ છતાં રશિયન સેનાએ યુક્રેનના ઘણા ભાગો પર કબજો કરી લીધો છે. છેલ્લા કેટલાક સમયથી રશિયા એવું માનતું આવ્યું છે કે યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધમાં હવે તેનો હાથ ઉપર છે. ઓવલ ઓફિસમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચે થયેલી ગરમાગરમ ચર્ચાએ આ વિચારને કદાચ વધુ મજબૂત બનાવ્યો હશે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીએ રવિવારે રાત્રે તેમના દેશનાં લોકોને સંબોધિત કર્યાં હતાં. આ દરમિયાન તેમણે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર કરવામાં આવેલી ટિપ્પણીઓ પર પ્રતિક્રિયા આપી હતી. ઝેલેન્સ્કીએ કહ્યું કે ''પુતિનને અમેરિકાની પરવા નથી અને યુદ્ધ અટકાવવા માટે રશિયા પર વધુ દબાણ લાવવાની જરૂર છે. છેલ્લાં કેટલાંક અઠવાડિયામાં અમેરિકા તરફથી બિનશરતી યુદ્ધવિરામ માટે દરખાસ્તો આવી છે અને લગભગ હંમેશા આ દરખાસ્તોના જવાબમાં, રશિયા દ્વારા ડ્રોન, બોમ્બ, તોપખાના અને બેલિસ્ટિક મિઝાઇલો વડે હુમલાઓ થયા છે. રશિયા પર વધુ દબાણ લાવવું જોઈએ. રશિયા પર તેની યુદ્ધશક્તિ અને તેની યુદ્ધ-વ્યવસ્થાનો નાશ કરવા માટે કડક પ્રતિબંધો લાદવા જોઈએ.''યુક્રેનના રાષ્ટ્રપતિનાં આ વિધાનો ડોનાલ્ડ ટ્રમ્પનાં પુતિન માટેનાં વિધાનો સાથે સરખાવવા જેવાં છે.

ટ્રુથ પોઇન્ટ ■ સમકિત શાહ ■

**ડોનાલ્ડ ટ્રમ્પે એક ઇન્ટરવ્યુમાં કહ્યું છે કે તેઓ પુતિનથી ખૂબ નારાજ છે. જો પુતિન યુદ્ધવિરામ માટે સંમત નહીં થાય તો તેઓ રશિયા પાસેથી તેલ ખરીદનારા દેશો પર ગૌણ ટેરિફ લાદી શકે છે**


**વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી**
**ટૂંકી મુદતની ટેન્ડર જાહેર નિવિદા**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, ચોમાસાની સિઝન પહેલા પ્રિ- મોનસૂન અંગેની કામગીરી કરવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઈટ (www.nprocure.com) પરથી તા. ૦૫-૦૪-૨૦૨૫થી જોવા મળશે. અને ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઈન ભરવાની છેલ્લી તા.૧૫-૦૪-૨૦૨૫ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી., કૂરિયર તેમજ રૂબરૂ થી મોકલવાની છેલ્લી તા.૧૭-૦૪-૨૦૨૫ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૧૯-૦૪-૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે.વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે, જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોકયુમેન્ટના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.

| અ.નં | કામનું નામ | ટેન્ડર ફી અને બાનાની રકમ |
|---|---|---|
| ૧ | વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલ વરસાદી પાણીના કાંસ તેમજ વરસાદી પાણીના નિકાલની ગટર સફાઈ તેમજ ડ્રેનેજ ઓવર ફ્લોની પાઈપલાઈનની સફાઈની કામગીરી. | રૂા.૨,૮૩૨/- અને રૂા.૧,૦૦,૦૦૦/- |

ચીફ ઓફિસર, વલસાડ નગરપાલિકા — નં. માહિતી/વલસાડ/૦૨/૨૦૨૫ — પ્રમુખ, વલસાડ નગરપાલિકા



**SURAT MUNICIPAL CORPORATION**
**WATER RESOURCE & RECREATION CELL**

e-Tender (Online) invitation Notice No. DMC/WRRC/01/2025-26

Tenders are invited for various Dept. works online on https://smctender.nprocure.com from Government Approved / Experienced Contractors/Consultants with following Schedule.

| 1. | Name Of the Department | WRRC |
|---|---|---|
| | No.of Work | 01 |
| 2. | Total Estimated Cost of Tender | Rs. 440.78 Lacs |

The detail tender notice will be made available on website www. suratmunicipal.gov.in

No.PRO/01/2025-26 — Deputy Municipal Commissioner
Dt. 01/04/2025 — Surat Municipal Corporation





















